નમસ્કાર ગાંધીનગર

પમરાટ

રણનાં પંખીડાં અમે, અમને તો એમકે
રેતી આદિ ને રેતી અંત;
તમને જોઈને અમે જાણ્યું કે ક્યાંક ક્યાંક
જીવી રહી છે વસંત;

તમે આછેરો સ્પર્શ કરી જુઓ રાજલદે!
અમે ફોરમતા ફાગ થઈ ફાગીએ.
અમે બેસૂરા ક્યાં સુધી વાગીએ ?

- રાહી ઓધારિયા

પાથેય

- રમેશ ઠક્કર

આછેરી પ્રતિક્ષા..

જેવો દેશ એવો વેશ એ કહેવત બિલકુલ સાચી છે.જગતમાં કેટકેટલું વૈવિધ્ય ભરેલું છે..જંગલવાળા વિસ્તારમાં રહેતા લોકોને દરિયાકાંઠાના જીવનનો રોમાંચ થાય છે..મેદાનોમાં વસતા લોકોને પહાડીઓ વચ્ચે જીવતા લોકો અડીખમ લાગે છે..રણપ્રદેશના માણસોને બર્ફિલા જગતની અજાયબી આકર્ષે છે..ઉડતા પંખી પોતાની વ્યાપક પાંખો થકી ધરતીનો સમગ્ર વૈભવ જોઇ શકે છે..રણનું પંખી જ્યારે રેતની ચાદર ઉપર ઉડતું રહે છે ત્યારે એને એ સિવાયની દુનિયાની ગતાગમ જ હોતી નથી..એના માટે રેત એ જ આરંભ હોય છે અને અંત પણ રેત જ હોય છે ! રણ વચાળે જો ક્યારેક કોઈ નાનકડો દ્વિપ જોવા મળે તો એને એક અનોખી અનુભૂતિ થાય છે..આપણું જીવન એ એક રણ જેવું છે.એમાં સંતાપ વ્યથાઓ અને મુસીબતોનો એક પટ પથરાયેલો જોવા મળે છે..એમાં જો કોઇકનો જરીક પ્રેમ મળી જાય તો ઉડતા પંખીની માફક એ પણ પુલકિત થઈ જતો હોય છે..

જ્યાં સુધી કોઇ લય ના મળે ત્યાં સુધી શબ્દોની સુરાવલિ પ્રગટતી નથી..એકધારી રઝળપાટની જેમ કોઈ પણ આરોહ અવરોહ વગરનું જીવન એક કર્કશતાના પર્યાય જેવું બની જાય છે.શુષ્ક કે જડ લાગતું આપણું અસ્તિત્વ કોઇક અજાણ્યા મુલાયમ સ્પર્શ થકી ઘડીભર નવો સંચાર પામે છે..માણસ એકાકી પ્રાણી છે..પેટની ભૂખ ભલે એની પ્રાથમિક જરૂરિયાત હોઇ શકે પણ લાગણીની ભૂખ પણ એને એટલી જ સતાવતી રહે છે..એકલતાના અડાબીડ કિલ્લા ઉપર જ્યાં એકાદું તરણું ડોકાઈ જાય ત્યારે એ સંજીવની પામે છે...સ્પર્શ જો મનગમતો હોય તો જીવનનું સંગીત રણઝણી ઉઠે છે..બેસૂરા રહેવું કોઇને પણ ગમતું હોતું નથી..દરેકને પ્રતિક્ષા રહે છે કોઈ મનગમતા આવકારની..!

એકલતા ઓઢીને ફરતો માણસ જ્યારે, કોલાહલમાં પ્રવેશે છે ત્યારે મ્હોરી ઉઠતો હોય છે..માણસ સ્વભાવે ઉત્સવપ્રેમી છે કે એકાંતપ્રેમી?

તહેવારો અને પ્રસંગો આપણી ગતાનુગતિકતા ને લયબધ્ધ બનાવે છે...એકધારાપણું માણસને ડંખે ત્યારે એને તલાશ હોય છે કોઇક ઉઘાડની.!

એવું કહેવાય છે કે જે વ્યકિત એકલતાને અતિક્રમી જાય છે..એ જાણેઅજાણે એક નવા અજાયબ માહોલ નો સાક્ષાત્કાર અનુભવે છે..સમુહ ને પામવાની ઝંખના એ કદાચ આપણી મુળભુત જરૂરિયાત પૈકીની છે...પ્રસંગો માણસને પરિતૃપ્ત કરે છે..મેળાવડામાં મ્હાલતો માણસ મનભાવન લાગે છે...ટોળું એ હંમેશાં ભીડ જ નથી હોતું ક્યારેક સંબંધોનું હૂંફાળું અજવાળું હોય છે...મેળો એ એક કાળે માણસની અભિપ્સાને ચગડોળે ચડાવી રોમાંચ કરાવતો...આજનાં રિસેપ્સન કે સમારંભો પણ મહદઅંશે શાતા પાઠવે છે...પ્રસંગમાં પણ એકલો પડી જતો માનવ આત્મપ્રતારણાનું ઉત્તમ ઉદાહરણ છે..કેવળ બેસી રહી બોઝિલતા ને સહન કરવી એ પણ એક પલાયનવાદ છે !

એક રાજાશાહી યુગનો અંત

તંત્રીસ્થાનેથી...

યોગાનુયોગ પણ કેવો ! ભારતની રાજધાની દિલ્હીમાં એક વખતના સમ્રાટની યાદમાં 'કિંગ્સ વે' જેનું નામકરણ પામેલા રાજપથ જે દિવસે 'કર્તવ્ય પથ' બને છે તે જ દિવસે રાજાશાહીના અંતિમ અવશેષ સમાં રાણી એલિઝાબેથ બીજાં આ પૃથ્વી પરથી કાયમી વિદાય લે છે. હજી થોડા દિવસ અગાઉ જ આવી પથારીવશ હાલતમાં એમણે લીઝ ટ્રુસને વડાપ્રધાનપદે 'નિયુક્ત' કર્યા હતા. રાજાશાહીનું સન્માન રાખવા માટે યુનાઈટેડ કિંગ્ડમ્ - ગ્રેટ બ્રિટને આ વિશિષ્ટ પરંપરા જાળવી છે, નહીંતર રાજાશાહી તો ક્યારનીય ખતમ થઈ ચૂકી છે. પરંતુ ભૂતકાળના રાજવી પરિવારના સિનિયર મોસ્ટ વંશજ પછી તે નર હોય કે નારી - એને બંધારણીય પદનું સર્વોચ્ચ સ્થાન આપી એના નામે પ્રજાને ચૂંટેલા પ્રતિનિધિઓ શાસન ચલાવે છે અને 'લોંગ લિવ ધ કિંગ' જેવું જૂનું રાષ્ટ્રગીત ગાતા રહે છે. ક્વીન એલિઝાબેથ કરતાં વધુ જાણીતાં અને ૧૮૫૭ના વિપ્લવ પછી ભારતમાં કંપની સરકાર પાસેથી શાસનસૂત્રો હસ્તગત કરનારાં મહારાણી વિક્ટોરિયાની સ્મૃતિ હજી પણ ભારતમાં બલકે ગુજરાતમાં પણ ઠેર-ઠેર જોવા મળે છે. ક્યાંક એ વિક્ટોરિયા મેમોરિયલ તરીકે છે, ક્યાંક વિક્ટોરિયા ગાર્ડન સ્વરુપે. વિક્ટોરિયાના શાશનકાળનું નાણું - 'રાણી છાપનું શુદ્ધ ચાંદીના રૂપિયા' હજી પણ ભૂતકાળની સ્મૃતિમાં પ્રતીક તરીકે સંભ્રાંત પરિવારોના ખજાનામાં એક વિશિષ્ટ સ્મૃતિ રૂપે સચવાયેલા છે. રાણી અને રાજાની આ શાસનપ્રથામાં પરિવારનું સૌથી મોટું સંતાન એ પદ મેળવે છે અને એની એ હદે આમન્યા જળવાય છે કે એ ગમે તેવો જઘન્ય અપરાધ કરે તો પણ અદાલતમાં કે પોલીસમાં એની ફરિયાદ થઈ શકતી નથી. એના માટે બધું જ માફ છે. શાસનતંત્ર એની તમામ સુવિધાઓનું ધ્યાન રાખે છે. એને વડાપ્રધાન કરતાં પણ વધુ સુરક્ષા અપાય છે અને દેશવિદેશમાં એ ગ્રેટ બ્રિટનનાં સર્વોચ્ચ શાસક તરીકે એવું જ સન્માન પામે છે. ભારતને આઝાદી આપીને નીકળી ગયા પછી પણ આ શાણા સામ્રાજયનું એક સંગઠન રચાયું જેને 'કોમનવેલ્થ કંટ્રીઝ' કહેવામાં આવે છે. આ સંગઠન હેઠળના તમામ દેશો પર કયારેક ગ્રેટ બ્રિટનનું રાજ હતું. એટલે આજે પણ 'કૉમનવેલ્થ ગેમ્સ' રચાય છે અને આવા દેશોની શિખર પરિષદો મળતી રહે છે. નરેન્દ્ર મોદીએ દિલ્હી સર કરીને જંપીને બેસવાનો વિકલ્પ પસંદ નથી કર્યો. એ સતત ચિંતનશીલ, અભ્યાસરત વિદ્વાન વડાપ્રધાન છે. એથી એમણે ભારતની આઝાદી સમયે રહી ગયેલી ક્ષતિઓ સુધારી લેવા કમ્મર કરી. ઈંડિયા ગેટ પાસે જે અંગ્રેજનું પૂતળું હતું તે હટાવીને એમને ઉપેક્ષિત સ્વાતંત્ર્ય વીર સુભાષબાબુની આદમ કદ પ્રતિમા મુકાવી અને 'રાજપથ' તરીકે ઓળખાતા માર્ગને 'કર્તવ્ય પથ' જેવું નવું નામ આપ્યું. સેન્ટ્રલ વિસ્ટાને નજારો નવી દિલ્હીને નવો જ લૂક આપે છે.

એમાં વડાપ્રધાનનું નિવાસસ્થાન, સંસદનાં બંને ગૃહોનાં નવનિર્મિત ભવ્ય અને ઉપરાષ્ટ્રપતિ ભવન ઉપરાંત આ નવનિર્મિત ભવ્ય ઈમારતોના પાયાં પુરાયેલા શ્રમિકો માટેની દીર્ઘા પર સાકાર થઈ રહી છે. પોતાના નિવાસસ્થાનને, ૭ રેસકોર્સ તરીકે ઓળખાતું બંધ કરીને, ૭ લોક કલ્યાણ માર્ગ તરીકે ઓળખાવી એમને શરૂઆત તો ઘણી વહેલી કરી દીધી હતી. ઔરંગઝેબ રોડનું પણ નવું નામકરણ એપીજે અબ્દુલ કલામના નામે થયું છે તે સૂચક છે.

ચાલો ઉંમરને ભૂલીને હસતા હસતા જીવી જાણીએઃ દાંતનાં ચોકઠાની જાળવણીના અમલ્ય સૂચનો

થોડા સમય પહેલા અમારા ક્લિનિકમાં એક કાકા (નામ આપેલ નથી) આવ્યા હતા. તેમના મોઢામાં ઘણા ખરા દાંત પડી ગયા હતા. ૨-૩ દાંત વધ્યા હતા; જે પણ હલી રહ્યા હતા. કાકાની ઈચ્છા મુજબ એ દાંત પડાવીને તેઓ દાંતનું ચોકઠું બનાવવા માંગતા હતા. તેમની ઉંમર, દાંતની પરિસ્થિતિ, તથા જડબાના હાડકાનું પ્રમાણ વગેરે જોઈને અમે પણ આ જ ટ્રીટમેન્ટ પ્લાન અમલમાં મૂક્યો. તેમને કાઢવા - પહેરવાનાં ચોકઠા સિવાય ફૂલ માઉથ ઈમ્પાલન્ટની પણ જાણકારી આપવામાં આવી. તેના વિશે વિસ્તારપૂર્વક આગળનાં અંકમાં જાણીશું. તો વાત હવે પાછી આ કેસ પર લાવીએ; આ દર્દીનાં અમે માપ લઈને કાઢ્યા - પહેરવાનું ચોકઠું બનાવી આપ્યું. અને તેની સારસંભાળ તથા કાળજી અંગે સમજણ પણ આપી. દર્દીને ચોકઠું સરસ માફક આવી ગયું, તથા બાદમાં તેના ૨-૩ ફોલોઅપ દરમિયાન પણ કોઈ નોંધનીય તકલીફ દેખાવામાં આવી નહીં.

વાતને ૭-૮ મહિના થયા હશે, ત્યારબાદ ચોકઠું તૂટી ગયું હતું. આ સિવાય નીચેના ચોકઠામાં પણ ડાઘા અને ખોરાક ફસેયાલો જોવા મળી રહ્યો હતો. અમે તેમનું ચોકઠું રિપેર કરી આપ્યું, સાથોસાથ તેમને ફરિવાર ચોકઠાની સાચવણી અંગે વિસ્તારપૂર્વક સમજાવ્યું.

તો મિત્રો આજનો અંક ચોકઠાની સારસંભાળ તથા તેની જાણવળી વિશે જ છે. તે તમામ દર્દીઓ કે જેઓ ચોકઠા પહેરી રહ્યા છે, તેમના માટે આ લાભદાયી રહેશે.

ચોકઠાની જાળવણી માટે આવશ્યક બાબતો :

- તમારા ચોકઠાને સાચવીને ડેન્ચરબોક્ષમાં મૂકો. તેને આડીઅવળી જગ્યાએ એ મૂકશો નહીં.
- દરેક વખતે ભોજન લીધા બાદ ચોકઠાને મોઢામાંથી નીકળી તેને વ્યવસ્થિત રીતે ધોઈને સાફ કરો.
- તમારા મોઢાને પણ સોફ્ટ ટૂથબ્રશની મદદથી વ્યવસ્થિત રીતે બ્રશ કરીને સાફ કરો.
- દરરોજ નિયમિત રીતે બે ટાઈમ ચોકઠાની બ્રશ વડે સાફ સફાઈ કરો.
- રાત્રે ચોકઠું પહેરીને સૂઈ ન જાઓ.
- રાતના સમયમાં ચોકઠા ને મોઢામાંથી કાઢીને સ્વચ્છ પાણીમાં મૂકી રાખો.

આપના ડેન્ટિસ્ટ દ્વારા આપેલી તમામ સૂચનાઓનું પાલન કરો.

- ચોકઠાને સ્વચ્છ કરવા માટે ખાસ પ્રકારની 'ડેન્ચર ક્લિનસીંગ ટેબલેટ્સ' આવતી હોય છે.

આદર્શ પરિસ્થિતિમાં ઓછામાં ઓછું ૧૦-૧૫ દિવસે એકવાર પાણીમાં એ ટેબ્લેટ નાખીને દ્રાવણ બનાવીને, તેમાં આપનું ચોકઠું પલાળી રાખો. આ તમામ રાત્રીના સમયે સૂતી વખતે કરી શકો છો. સવારે ઊઠીને એ દ્રાવણમાંથી ચોકઠું કાઢીને, તેને વ્યવસ્થિત રીતે બ્રશ કર્યા બાદ જ મોઢામાં પહેરો.

આ ખાસ પ્રકારની ટેબ્લેટ્સ ચોકઠા પરથી ડાઘ ઈત્યાતિ દૂર કરવામાં, તથા ચોકઠાને સ્વચ્છ કરવામાં મદદરુપ બને છે.

- ઉપર જણાવ્યા મુજબ જ ટેબ્લેટ્સનાં સોલ્યુશનમાં ચોકઠાને પલાળી દીધા બાદ, વ્યવસ્થિ સાફ કરીને જ મોઢામાં પાછું ચોકઠું પહેરવું જોઈએ.
- ચોકઠું આપ્યાનાં ૨-૩ દિવસ સુધી તે પહેરીને બોલવાની પ્રેક્ટિસ કરવી જોઈએ; ધીરે ધીરે ભોજન લેવાની શરુઆત ત્યારબાદ કરી શકાય. શરુઆતમાં હળવું, પોચું ભોજન લેવું જોઈએ ત્યારબાદ ધીમે ધીમે કડક વસ્તુઓ લેવી જોઈએ.
- ચોકઠું જયારે પણ કાઢવાનું થાય ત્યારે યોગ્ય રીતે બોક્ષમાં જ મૂકવું જોઈએ. જેથી એ પડીને તૂટી જવાનો ભય ન રહે.
- છેલ્લી અને સૌથી અગત્યની સૂચના એ કે આપના ડેન્ટિસ્ટની સમયાંતરે મુલાકાત લેતા રહો; ખાસ કરીને ચોકઠું ઢીલું પડી રહ્યું હોય, તો અવશ્ય રીતે બતાવો. અને પાણીનું મહત્તમ સેવન કરો.

તો મિત્રો જો આપ અથવા આપના પરિવાર કે મિત્રજનો કે કોઈ વડીલ ચોકઠું વાપરતું હોય તો આ આવશ્યક સૂચનો તેમને ઉપયોગમાં ચોક્કસ આવશે, તેની આપ વિસ્તારથી ચર્ચા કરો.

Team Shardhadeep

બિનસરકારી તથા બિનપક્ષીય નેતૃત્વ અને ચુનીભાઈ વૈદ્યઃ

દેશ આઝાદ થયો ત્યારબાદ ક્રમશઃ આપણો સમાજ વિશેષ રીતે સરકાર પર આધાર રાખતો થઈ ગયો તેમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. લોકશાહી કાર્યપ્રણાલીમાં સરકારો ચૂંટાયેલી હોય છે. આથી જે લોકો ચૂંટણીમાં પસંદ થઈને આવે છે તેઓ સામાન્ય નાગરિકોની પસંદગી મુજબના આવે છે તેમ માની શકાય. ચૂંટાયેલા પ્રતિનિધિઓ લોકોને જવાબદાર હોય છે. આથી લોકોના પ્રશ્નોના ઉકેલ માટે આ લોકપ્રતિનિધિઓ પર મદાર બાંધવાનો લોકોનો હક્ક પણ બને છે. આવો હક્ક લોકો ભોગવી શકે તેવી સુસજ્જતા કે જાગૃતિ લોકોમાં હોય છે કે કેમ તે એક ચર્ચાનો વિષય છે. ખાસ સંજોગોમાં આવી જાગૃતિ જો કે કેળવાય છે. કેટલાક લોકને સંબંધિત પ્રશ્નો બાબતમાં લોકો કોઈ કોઈ સમયે ચળવળો કે આંદોલનો પણ કરે છે. પરંતુ લગભગ આવા દરેક આંદોલનમાં કે તે માટેની જાગૃતિ ઉભી કરવાના કામમાં કોઈ સબળ નેતાગીરી મહત્વનો ભાગ ભજવે છે. કોઈ સફળ કે નિષ્ફળ ગયેલી લોક ચળવળના એક અનિવાર્ય ભાગ તરીકે કોઈને કોઈ નેતા ઉભરી આવે છે. તેઓ આવી ચળવળોને દોરતા હોય છે તેમજ તેના માધ્યમથી લોકજાગૃતિનું પણ કાર્ય કરતા હોય છે. મહાગુજરાતની ચળવળ તથા ઈન્દુચાચાનું નેતૃત્વ તેનું એક ઠોસ ઉદાહરણ છે. આ પ્રકારના આંદોલન એ એકલ દોકલ ઘટના જેવા હોય છે. તેઓ પ્રાસંગિક સ્વરૂપના હોય છે. પરંતુ સતત રીતે સમાજના પ્રશ્નોને સમજીને તેને વાચા આપનાર એક નેતૃત્વની હરોળ ગાંધીવિચારને કારણે આપણે ત્યાં પાંગરી હતી. લોકોના પ્રશ્નોનો ઊંડો અભ્યાસ કરીને તેને વાચા આપવાનો નિષ્ઠાપૂર્વકનો પ્રયાસ આવા અગ્રણીઓ કરતા હતા. તેઓ મહદંશે ચૂંટણીના રાજકારણથી એક અંતર રાખીને કામ કરતા હતા. લોકકારણ એ જ તેમનું રાજકારણ હતું. જીવનભર તેમણે લોકના પ્રશ્નોને સમજીને સત્તામાં બેઠેલા લોકો સુધી તેના નિકાલ માટે પહોંચાડવાનો સાતત્યપૂર્ણ પ્રયાસ કર્યો હતો. જરૂર પડે ત્યારે પોતાની જ ચૂંટેલી સરકાર સામે સંઘર્ષનો માર્ગ અપનાવવા તેમણે લોકોને તૈયાર કર્યા હતા. આવા પુણ્યશ્લોક લોકોની યાદી તૈયાર કરીએ ત્યારે વિશેષ કરીને સપ્ટેમ્બર માસમાં ચુનીભાઈ વૈદ્યની સ્મૃતિ અચૂક થાય છે. બીજી સપ્ટેમ્બરના રોજ ૧૯૧૮માં ઉત્તર ગુજરાતના સંડેર (મહેસાણા જિલ્લો)માં તેમનો જન્મ થયો હતો. સપ્ટેમ્બર માસ પસાર થઈ રહ્યો છે તેવા સમયે ચુનીભાઈની સ્મૃતિને પુનઃ જાગૃત કરવા તેમજ જાગૃત રાખવા મહેચ્છા થાય તે સ્વાભાવિક છે. ડિસેમ્બર-૨૦૧૪ સુધી તેઓ આપણી વચ્ચે રહ્યા. લોકોના પ્રશ્નોમાં ઊંડો રસ લઈને દોરવણી આપતા રહ્યા. રતનપુરના શરાબના પીઠાને બંધ કરાવવાનો પ્રશ્ન હોય કે શુદ્ધ પીવાનું પાણી લોકોને મળી રહે તેની સમસ્યા હોય ત્યાં ચુનીભાઈની સક્રિય હાજરી હોય જ. લોકસમિતિ જેવા અસરકારક માધ્યમથી તેમણે અનેક લડતો ચલાવી. ચુનીભાઈ વૈદ્યનું જીવન કર્મઠતાને વરેલું હતું. તેમના કાર્યોનો સ્મૃતિગ્રંથ 'અગ્નિપુષ્પ' નામે ગુજરાત લોકસમિતિએ ડિસેમ્બર ૨૦૧૫માં પ્રકાશિત કરેલો છે. ભાઈ કેતન રૂપેરાની કાળજીપૂર્વનની માવજતથી આ દસ્તાવેજ જેવો ગ્રંથ રોચક તેમજ માહિતીપ્રદ બન્યો છે. ઈલાબહેન પાઠક તથા પ્રકાશ જેવા વિદ્વાન વ્યક્તિઓએ ગ્રંથના પરામર્શકો તરીકે યોગદાન આપેલું છે. એક મશાલ સમાન ઝળઝળતા જીવન જેવું ચુનીભાઈનું વ્યક્તિત્વ આકર્ષક હતું. અનેક વખત તેઓને મળવાનું થયું છે. દરેક વખતે તેઓ જે વાતો કરે તેની સ્મૃતિ મનમાં લાંબા સમય સુધી રહી જતી હતી. મોટા ભાગે સુર્યકાંતભાઈ પરીખ સાથે તેઓ મળવા આવતા હતા. કોઈને કોઈ પ્રકારના લોકોને સંબંધિત પ્રશ્નોની તેમની રજૂઆત તાર્કિક તેમજ પ્રભાવી હતી.

રાજ્ય સરકારના જુદા જુદા વિભાગોમાં કાર્ય કરવાની તક મળી તેથી પણ વિવિધ પ્રશ્નો અંગે તેમની સાથે પ્રસંગોપાત ચર્ચા થતી રહેતી હતી. વિસ્મૃત ન થાય તેવું તેમનું વ્યક્તિત્વ હતું. સામાજિક કે શાસનની કોઈ વ્યવસ્થામાં અન્યાય જેવું લાગે તો તેઓ ઉગ્ર સ્વરૂપે પણ તેની વાત પુરા આત્મવિશ્વાસ સાથે કરતા હતા.

'ભૂમિપુત્ર' સાથે તેમનો સુદીર્ઘ નાતો રહ્યો. ભૂમિપુત્રના સંપાદનમાં તેમની સબળતા પ્રગટ થઈ. કાંતીભાઈનો તો સાથ ખરો જ. 'ભૂમિપુત્ર'ની કામગીરી સંભાળી ત્યારબાદ એકાદ વર્ષમાં જ ભારત સરકારે કટોકટી જાહેર કરી. અખબારો તથા સામાયિકો પર નિયંત્રણો આવવાનું શરુ થયું. સત્તાવાળાઓ સામે ઝૂકી ગયા સિવાય સ્વતંત્ર લોકઅવાજની અભિવ્યક્તિ ભૂમિપુત્ર તરફથી ચાલુ રાખવામાં આવી. પ્રખર ધારાશાસ્ત્રી સ્વર્ગીય ચંદ્રકાન્ત દરૂ માનવ અધિકાર મુદ્દે હંમેશા જાગૃત તેમજ સક્રિય હતા. સંઘર્ષનો એક પ્રસંગ પણ તરત જ સામે આવીને ઉભો રહ્યો. નારાયણ દેસાઈનો લખેલો એક લેખ છાપવા માટે સેન્સર અધિકારીએ 'ભૂમિપુત્ર' પાસે એક હજાર રૂપિયાની સિક્યોરિટી જમા કરાવવા માંગણી કરી. જો સૂચનાનો અમલ કરવામાં ન આવે તો ભૂમિપુત્રના કાર્યાલયને સીલ મારવામાં આવે તેવી પણ સંભાવના હતી. ભૂમિપુત્રમાં ચુનીભાઈએ આ વાત લખી. લોકોએ ભૂમિપુત્રને સ્વેચ્છાએ પૈસા મોકલવાનું શરુ કર્યું. તે સમયે લગભગ સાડા સાત હજાર રૂપિયા એક જ અઠવાડિયામાં લોકોએ મોકલી આપ્યા. ફરી અપીલ કરીને લોકોને પૈસા મોકલવાનું બંધ કરવા માટે જણાવવું પડ્યું. વિમલાજી ઠાકરે લખ્યું કે અનેક સભાઓ ભરવાથી જે જનમતને જાગૃત કરવાનું કામ ન થઈ શકે તેવું કામ ભૂમિપુત્રે તેના અંકોની મદદથી કર્યું છે. ભૂમિપુત્રનું કટોકટીના સમયનું આ પત્રકારત્વ સમગ્ર દેશમાં એક નિર્ભયતાની મિસાલ તરીકે પ્રસિદ્ધ થયું હતું. આ બધાના પરિણામ તરીકે ચુનીભાઈ તથા દરૂ સાહેબને જેલયાત્રા પણ કરવી પડી હતી. જેલ જીવનને ચુનીભાઈ આરામનો કે થાક ઉતારવાના સમય તરીકે ગણાવતા હતા. સફેદ ખાદીના વસ્ત્રોમાં સ્પષ્ટ વાણી સાથે વાત કરતા ચુનીભાઈની મૂર્તિ દિલમાં વસી જાય તેવી હતી. ઈન્દુકુમાર જાનીએ લખ્યું છે કે કાકા "હરહાલમે ખુશહાલ" હતા તે ઉચિત છે. સત્યના સમર્થન માટે સંઘર્ષ એ તેમના જીવનનું ચાલકબળ હતું. તેમની સ્મૃતિને વંદના કરવાનો આ સમય છે.

ગુજરાતી ગિરાનું 'માલગુડી ડેઝ'...એટલે 'સદમાતાનો ખાંચો..'



આત્મકથા આખેઆખી લખવી સાચે જ કપરૂં કામ છે.આપણે ત્યાં નર્મદ,ગાંધીજી, કે મણિલાલ નભુભાઈ દ્વિવેદી જેવા સાક્ષરોની અદ્ભુત આત્મકથાઓ ઉપલબ્ધ છે..આત્મકથનાત્મક લખાણો પણ એટલાં જ રસપ્રદ હોય છે..કાકાસાહેબ કાલેલકરની "સ્મરણયાત્રા" કે સ્વામીઆનંદનાં વ્યકિતચિત્રો અતીતરાગનાં સુંદર આલેખનો છે..નટવરલાલ કુબેરદાસ પંડયા એટલે કે કવિ "ઉશનસ" એમની કાવ્યયાત્રા માટે જાણીતા છે..એમની સ્મૃતિકથા એટલે "સદમાતાનો ખાંચો".એમાં કાવ્યાત્મક ગદ્ય થકી એમના શૈશવથી પાકટ થવાની જીવનયાત્રા સર્જક પોતે આલેખે છે..આર.કે.નારાયણની શૈશવયાત્રા "માલગુડી ડેઝ" વિશ્વ સાહિત્યમાં જાણીતી છે.."સદમાતાનો ખાંચો"ને આપણી ભાષાનું "માલગુડી ડેઝ" કહી શકાય એવી સામ્યતા છે આ બંને લેખકો વચ્ચે...

"ઉશનસ " આપણા પ્રમુખ કવિ છે..અહીં એક લેખક તરીકે પોતાની આગવી મુદ્રા ઉભી કરે છે..આ વિસ્મયકારક છે..રાધેશ્યામ શર્મા આ વિસ્મય માટે લખે છે."એમના જીવનનાં ઈ.સ.૧૯૩૦થી ઈ.સ.૧૯૬૮ સુધીનાં કિંમતી વર્ષોનો જીવંત દસ્તાવેજ જાણે રજૂ થયો છે.અહીં ઈતિહાસ છે,દંતકથા છે,દસ્તાવેજો છે,વહેમો છે,ચમત્કારો છે..રૂઢિબધ્ધ માન્યતાઓ છે,કહો કે અતીતને આવરી લેતી પરંપરાનો જીર્ણશીર્ણ થતો પણ રક્ષણપાત્ર પુલ છે.અને એ પુલ ઉપર સર્જકની કયારેક અતિ લાગણીઘેરી તો કયારેક નિર્મમ તટસ્થ ચાલ માવજત સાથે વિચરણ કરતાં ભાવક તેમની સહાનુભૂતિ સાથે સમસંવેદન પણ અનુભવી વતનની ધૂલિ સાથે ભળી ગયા વગર તળપદ સંસ્કાર અને ભાષાશૈલી આવું ગજું બતાવે નહીં"

કવિ "ઉશનસ"નો જન્મદિવસ ૨૮ સપ્ટેમ્બર છે.એમની જન્મ તા. ૨૮/૯/૧૯૨૦..સાવલી, જિ.વડોદરા એમનું જન્મસ્થાન..૬/૧૧/૨૦૧૧ ના રોજ ૯૧ વરસની વયે વલસાડમાં એમણે જીવનલીલા સંકેલી..એમનું બાળપણ જયાં વીત્યું એ સિધ્ધપુર..જયાં એમના પિતા ગાયકવાડી સરકારના મહેસૂલી અધિકારી હતા..સુખ્યાત નવલકથાકાર ર.વ.દેસાઈ એમના પિતાના બોસ એટલે કે સૂબા સાહેબ હતા.. સાવલી એમનું વતન જયાં કવિનો જન્મ થયો હતો એ જનમભોમકા..એમનું ઘર જયાં આવેલું છે એ વિસ્તારનું નામ "સદમાતાનો ખાંચો"..

નટવરલાલ કુબેરદાસ પંડયા એટલે કે કવિ 'ઉશનસ' નું બીજું પણ ઉપનામ હતું "આરણ્યક "..એનો અર્થ તો સમજાય પણ "ઉશનસ' એટલે? અસુરોના ગુરૂ શુક્રાચાર્ય...આપણે "માલગુડી ડેઝ," અને એની બાલસૃષ્ટિનાં વર્ણનોથી પરિચિત છીએ.કાકાસાહેબની "સ્મરણયાત્રા", કિશનસિંહ ચાવડા 'જિપ્સી,નું "અમાસના તારા", કે પન્નાલાલ પટેલનાં બાળસ્મરણોનો અદ્ભુત સંગ્રહ "અલપઝલપ " ,કદીક વાંચ્યાં હશે. "ઉશનસ"ની સ્મરણકથા "સદમાતાનો ખાંચો" પણ એટલું જ રસપ્રદ પુસ્તક છે.

સાવલીમાં વાણિયાઓનાં કુળદેવી 'સિધ્ધમાતા' જયાં બિરાજે છે એ વિસ્તાર..શેરી એટલે સદમાતાનો ખાંચો ! કવિનું એ જન્મસ્થાન..પણ એ સમજણા થાય ત્યાં સુધી સિદ્ધપુરમાં રૂદ્ર મહાલયની બાજુના ખાંચામાં બાળપણ વિતાવે છે..કથાની શરૂઆત ત્યાંથી થાય છે...બાળક નટુ પોતાના ભાઈ રમણ સાથે સાવલી આવે છે..એ જમાનામાં સિધ્ધપુરથી સાવલી આવવા માટે આખો દિવસ લાગતો..અને ચાર ટ્રેઈનો બદલવી પડતી..લેખકની વતનપ્રીતિ અને પ્રસંગો આપણને આદિલ મન્સૂરીની ગઝલ "મળે ના મળે " ની યાદ અપાવે છે..એક કવિ જયારે તન્મયતાથી ગદ્ય વિહાર કરે છે ત્યારે બસો પાનાનું આખું પુસ્તક જાણે મનોરમ મહાકાવ્ય બની જાય છે..!

આમ તો આ એક કુટુંબકથા છે. એક સદી પહેલાંનો સમાજ..ચુસ્ત છતાં ઉદાર બ્રાહ્મણ પરિવાર..મુખ્યત્વે સરકારી નોકરિયાત.. બદલીઓ.. અનુભવો... વિતરાગી પિતા કુબેરદાસ... સાવલીમાં રહેતા અને સંન્યાસી જેવું જીવતા જોષીકાકા... નાની ઉંમરે વિધવા થયેલાં અને પિતા તેમજ માતા સાથે આજીવન રહેલાં ઈચ્છાફોઈનું અદ્ભુત શબ્દચિત્ર લેખકે ઉપસાવ્યું છે... એ સમયનો સમાજ, રીતરિવાજો..રાજાશાહી..આઝાદી માટેની મથામણો અને બદલાતાં જીવનમૂલ્યોનું જાણેઅજાણે દસ્તાવેજીકરણ પણ અનુભવાય છે..વિધવા ફોઈ તો જાણે તપસ્વી જ હતાં..પરંતુ બિમાર માતા અને દૂર દૂર વસતા ભાઈઓ અને એમનાં પરિવારોનું મળવું..છુટા પડવું અને છતાં સાવલી સાથેનો તંતુ સતત જાળવી રાખવો...કવિની સિગ્નેચર પોએટ્રી "વળાવી બા આવી.." યાદ આવી જાય..આમ તો સોનેટ એ ઉશનસની ઓળખ છે..એમણે એક આખેઆખો ગઝલસંગ્રહ પણ આપ્યો છે એ આડવાત..અને ગઝલ એમને ફાવી નહીં એ પણ જુદી વાત !

સમગ્ર સ્મરણકથા કવિની અંગત વ્યથા બનીને નથી રહી જતી...સતત વહેતી એક કારૂણ્યસભર છતાંય એક ભાવસભર બાળપણની મજેદાર યાત્રા બની રહે છે..ઈ.સ.૧૯૩૦થી ૧૯૬૮ સુધીનાં વરસો અને એ સમયનું આપણું સામાજિક જીવન..લેખક ૪૮ વરસના થાય છે ત્યાં સુધીની કથા..એ પછી પણ એ ચાર દાયકા કરતાં વધારે જીવે છે..પણ એની કથા નથી ! બાળપણ એ સર્જક માટે કેટલું મહત્વનું હોય છે એનો આ પુરાવો..! લેખકની સંઘર્ષયાત્રા અનેક પડાવોમાંથી પસાર થાય છે..પિતા અને જોષીકાકા સહિત અનેક લોકોનાં મૃત્યુ પછી સાવલીમાં રહેવાનો કોઇ અર્થ નથી..

આજાર અવસ્થામાં જીવતાં ફોઈ અને માતાને ના છૂટકે વડોદરા મોટાભાઈને ત્યાં મોકલવાનું નક્કી થાય છે..કથા કારુણ્યની ટોચ ઉપર પહોંચે છે..કવિના શબ્દો જુઓ.."બા અને ફોઈબાને વડોદરે લઈ જવાનો નિર્ણય કરવામાં આવે છે..બા દુઃખની મારી હા પાડે છે પરંતું ફોઈબા માનતાં નથી..પણ આ બે વૃધ્ધો કોઇ કૂંડામાં ઊછેરેલા છોડ નથી..જમીનમાંથી મુળ નાખી ઊગી ગયેલાં કબીરવડ જેવાં તોતિંગ વૃક્ષો છે...પાકટ વયે એ બીજે મૂળિયાં નાખી શકશે ?" કાવ્યાત્મકતાની સાથે કરૂણતા અહીં એકરસ બને છે..કથાના અંતે કાયમી ધોરણે વતન છોડતા કવિ જન્મભૂમિની ધુળને ઉદેશી લખે છે "હે ગ્રામદેવતા અમને સૌને શુભ ચિરવિદાય આપો..પાછા હવે અવાય કે ના અવાય..હું એક વાર છેલ્લો તમારા ખોળે આવીશ..અહીં જ પોઢી જઈશ સાવલીની આ માટીમાં..કશું જ નહીં તો મારા માટે આટલું તો કરજો જ..મારી માટી ઉપર બે તાંતણા ઘાસ તો ઉગાડજો જ..મેં આ માટીને એટલે તો ચાહી છે.." વતનની વિદાય લેખક માટે અંગવિચ્છેદ જેવી ઘટના બની રહે છે..

"ઉશનસ"ની સ્મરણકથા "સદમાતાનો ખાંચો " ;જયંત પાઠકની "વનાંચલ" , મણિલાલ હ.પટેલની આત્મકથા "તરસી માટી" અને "માટીવટો" દિલીપ રાણપુરાની સ્મરણકથા "દીવા તળે ઓછાયા" કે લા.ઠા.ની સ્મૃતિકથા "બાપા વિશે.." આ બધી કથાઓ ગધ્યકાવ્યની એક નવી જ દુનિયા ઉઘાડી આપે છે...એક કવિ જયારે ભાવાત્મક રીતે એકાકાર થઈ ગદ્યકથા લખે તો કેવો ચમત્કાર થાય..એનો સાક્ષાત્કાર એટલે "સદમાતાનો ખાંચો"...

ઉશનસને ઈ.સ.૨૦૦૨માં બારડોલી મુકામે રૂબરૂ મળવાનું થયેલું.. ત્યારની એક યાદગાર તસ્વીર હજુ મારા આલ્બમમાં છે..એમનું ખૂબ જ જાણીતું સોનેટ "વળાવી બા આવી.." વેકેશન પૂરું થયા પછી સંતાનોને વળાવી ઘરનો સૂનકાર અનુભવતી જનેતાનો વિષાદમય આલેખ છે..આ કવિ જયારે પોતાના જીવનના પ્રસંગોને આલેખે ત્યારે એમાં કાવ્યાત્મકતા તો હોય જ પણ એક સંયમિત લાગણીઓનો શબ્દગુચ્છ પણ જોવા મળે છે.આત્મકથનાત્મક લખાણો ખૂબ લખાય છે પરંતું 'સદમાતાનો ખાંચો' એક અલગ જ પ્રકારની સાહિત્યિક છટાની અનુભૂતિ કરાવી જાય છે.

- rrthakkar2@gmail.com